| | | |
|---|---|---|
| વર્ષ : ૨૦૨૪-૨૫ | | લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ કુશળ, અર્ધકુશળ અને બીનકુશળ (ખેત મજુર સિવાયના) શ્રમયોગીઓને દૈનિક લઘુત્તમ વેતન દર અને ખાસ ભથ્થાના દૈનિક દરમાં વખતો વખત થયેલ વધારા-ઘટાડા બાબત........... |

# હિસાબ નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

જા.નં. : હિનિ – પી.એ. - દૈનિક દર – ૩૩૯ - ૨૦૨૪

તા. : ૨૬-૦૪-૨૦૨૪

## :: :: કાર્યાલય આદેશ :: ::

**વંચાણે લીધા :-**

(૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નોટીફીકેશન ક્રમાંક : KHR-2023-28-LVD-10-2022-18-M2 DTD. 27-03-2023.

(૨) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના પરિપત્ર જા.નં. આકૃયુ – ર૭ – દૈનિક દર – લીગલ – ૯૫ - ૨૦૨૩ તા. ૨૫-૦૪-૨૦૨૩.

(૩) શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : શ્ર.આ.૬ – ટે.૩ - ૧૧૨૮ થી ૧૧૪૮ – ૨૦૨૩ તા. ૩૦-૦૯-૨૦૨૩.

(૪) શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : શ્ર.આ.૬ – ટે.૩ - ૧૧૪૯ – ૨૦૨૩ તા. ૩૦-૦૯-૨૦૨૩.

(૫) શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : શ્ર.આ.૬ – ટે.૩ – ૧૩૮ થી ૧૫૮ – ૨૦૨૪ તા. ૦૩-૦૪-૨૦૨૪.

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીના યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે સંદર્ભ-૧ પરના રાજ્ય સરકારશ્રીના નોટીફીકેશન અન્વયે સંદર્ભ- ૨ પરના કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના પરિપત્રથી આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની જુદી-જુદી શિક્ષણ, સંશોધન તેમજ વિસ્તરણની કચેરીઓ, પ્રાયોગીક કેન્દ્રો બીજ ઉત્પાદન કેન્દ્રો કે પ્રયોગશાળામાં દૈનિક જરૂરિયાત મુજબની જુદી જુદી કામગીરી માટે (ખેતી કામ કરતા ખેત મજુર સિવાયના) કુશળ, અર્ધ કુશળ અને બીન કુશળ તરીકે રોકવામાં આવતા કામદારો અને લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ મુજબ દૈનિક લઘુતમ વેતન ચુકવવામાં આવતું હોય તેવા કામદારોને વંચાલે લીધેલ સંદર્ભ-૧થી શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા લઘુતમ વેતન દરોમાં તા.૦૧/૦૪/૨૦૨૩ની અસરથી નીચે મુજબ સુધારો કરી નીચે દર્શાવેલ સુધારેલ દૈનિક લઘુતમ વેતન દર ચુકવવા જણાવેલ છે.

| ક્રમ | કામદારના વર્ગ | દિવસ દીઠ આપવાના દરો (રૂ.) | | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ |
| | | ઝોન-૧ | ઝોન-૨ | ઝોન-૧માં મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકાના વિસ્તારોનો અને ઝોન-૨માં બાકીના અન્ય વિસ્તારોનો સમાવેશ થાય છે. |
| (૧) | કુશળ | ૪૭૪ | ૪૬૨ | |
| (૨) | અર્ધ કુશળ | ૪૬૨ | ૪૫૨ | |
| (૩) | બિન કુશળ | ૪૫૨ | ૪૪૧ | |

ઝોન-૧: ગુજરાત રાજ્યમાં, ગુજરાત પ્રોવિંશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ્દોની અંદરના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદ્દોની અંદરના વિસ્તારોમાં અને સંબધિત શહેરી વિકાસ સત્તામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોનો સમાવેશ થશે.

ઝોન-૨: માં ઝોન-૧માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજ્યના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

પાછળ.......

➢ સંદર્ભ ૩ મુજબ નાયબ શ્રમ આયુક્ત, શ્રમ આયુક્તની કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૦૧/૧૦/૨૦૨૩ થી તા. ૩૧/૦૩/૨૦૨૪ સુધીના ૬ (છ) માસના સમય માટે લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ દૈનિક લઘુત્તમ વેતન દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર નીચે મુજબ નક્કી કરેલ છે.

| ક્રમ | કામદારના વર્ગ | તા. ૦૧/૧૦/૨૦૨૩ થી તા. ૩૧/૦૩/૨૦૨૪ સુધીના સમય માટે દિવસ દીઠ આપવાના દરો (રૂ.) | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ઝોન-૧ | | | ઝોન-૨ | | |
| | | મૂળ પગારનો દર | ખાસ ભથ્થાના દૈનિક દર | કુલ રકમ રૂ. | મૂળ પગારનો દર | ખાસ ભથ્થાના દૈનિક દર | કુલ રકમ રૂ. |
| (૧) | કુશળ | ૪૭૪ | ૨૧ | ૪૯૫ | ૪૬૨ | ૨૧ | ૪૮૩ |
| (૨) | અર્ધ કુશળ | ૪૬૨ | ૨૧ | ૪૮૩ | ૪૫૨ | ૨૧ | ૪૭૩ |
| (૩) | બિન કુશળ | ૪૫૨ | ૨૧ | ૪૭૩ | ૪૪૧ | ૨૧ | ૪૬૨ |

➢ સંદર્ભ ૫ મુજબ નાયબ શ્રમ આયુક્ત, શ્રમ આયુક્તની કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૦૧/૦૪/૨૦૨૪ થી તા. ૩૦/૦૯/૨૦૨૪ સુધીના ૬ (છ) માસના સમય માટે લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ દૈનિક લઘુત્તમ વેતન દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર નીચે મુજબ નક્કી કરેલ છે.

| ક્રમ | કામદારના વર્ગ | તા. ૦૧/૦૪/૨૦૨૪ થી તા. ૩૦/૦૯/૨૦૨૪ સુધીના સમય માટે દિવસ દીઠ આપવાના દરો (રૂ.) | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ઝોન-૧ | | | ઝોન-૨ | | |
| | | મૂળ પગારનો દર | ખાસ ભથ્થાના દૈનિક દર | કુલ રકમ રૂ. | મૂળ પગારનો દર | ખાસ ભથ્થાના દૈનિક દર | કુલ રકમ રૂ. |
| (૧) | કુશળ | ૪૭૪ | ૩૫ | ૫૦૯ | ૪૬૨ | ૩૫ | ૪૯૭ |
| (૨) | અર્ધ કુશળ | ૪૬૨ | ૩૫ | ૪૯૭ | ૪૫૨ | ૩૫ | ૪૮૭ |
| (૩) | બિન કુશળ | ૪૫૨ | ૩૫ | ૪૮૭ | ૪૪૧ | ૩૫ | ૪૭૬ |

ઉક્ત ટેબલમાં દર્શાવેલ લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ કુશળ, અર્ધકુશળ અને બીનકુશળ (ખેત મજુર સિવાયના) શ્રમયોગીઓને દૈનિક લઘુત્તમ વેતન દર અને ખાસ ભથ્થાના દૈનિક દરમાં થયેલ વધારા મુજબ ચુકવણું કરવાનું થાય છે.

**(આર.એચ. ગોંડલીયા)**
હિસાબ નિયામક

**નકલ સવિનય રવાના જાણ સારૂ :-**

કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનીવર્સિટી, આણંદ.

**નકલ રવાના જાણ અને ઘટતું થવા સારૂ :**

(૧) આણંદ કૃષિ યુનીવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૨) હિસાબી અધિકારીશ્રી (પી.એફ./પેન્શન), હિસાબ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનીવર્સિટી, આણંદ
(૩) ઓડીટ ઓફીસરશ્રી, હિસાબ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનીવર્સિટી, આણંદ.
(૪) હિસાબી અધિકારીશ્રી (કેશ), હિસાબ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનીવર્સિટી, આણંદ.
(૫) હિસાબ નિયામકશ્રીના અંગત સચિવશ્રી, આણંદ કૃષિ યુનીવર્સિટી, આણંદ.
(૬) સિલેક્ટ ફાઇલ, હિસાબ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનીવર્સિટી, આણંદ.